# India delivers next batch of medical assistance to Afghanistan

January 07, 2022

# ભારતે અફઘાનિસ્તાનને તબીબી સહાયનો વધુ જથ્થો પહોંચાડ્યો

જાન્યુઆરી 07, 2022

અફઘાન લોકો માટે ચાલુ માનવતાવાદી સહાયના ભાગરૂપે ભારતે આજે અફઘાનિસ્તાનને બે ટન આવશ્યક જીવનરક્ષક દવાઓ સાથે તબીબી સહાયની ત્રીજી બેચ સપ્લાય કરી. આ સહાય ઈન્દિરા ગાંધી હોસ્પિટલ, કાબુલને સોંપવામાં આવી હતી.

2. અફઘાનિસ્તાનના લોકો સાથે અમારા વિશેષ સંબંધો ચાલુ રાખવા અને તેમને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે ભારત પ્રતિબદ્ધ છે. આ પ્રયાસમાં અમે તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) મારફત અફઘાનિસ્તાનને કોવિડ રસીના 500,000 ડોઝ અને 1.6 ટન તબીબી સહાય પૂરી પાડી હતી. આગામી સપ્તાહોમાં અમે અફઘાનિસ્તાનને દવાઓ અને ખાદ્યસામગ્રી સહિતની માનવતાવાદી સહાયની વધુ બેચ સપ્લાય કરીશું.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 7, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.